જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૨/૨૦૧૮ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૫૯/૧૮**

### રખિયાલ પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સે-૨ સાહેબની સુચના મુજબ મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પો.કમિ.શ્રી."એચ" ડિવીઝન નાઓ તરફથી મળેલ સુચના આધારે સિનીયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી સી.આર.રાણા સાહેબના માર્ગદર્શન હેઠળ આજ રોજ તા.૦૬/૦૨/૧૮ ના રોજ અમો પો.સ.ઈ બી.પી.ભેટારીયા તથા સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરતા ફરતા કલાક-૧૩/૧૫ વાગ્યે રખિયાલ ગરીબ નગર ચાર રસ્તા ખાતે આવતા સાથેના પો.કોન્સ લાલજીભાઇ ચીથરભાઇ બ.નં.૫૭૧૦ નાઓને મળેલ બાતમી હકીકત આધારે શહેરકોટડા પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં- ૧૯૭/૨૦૧૭ ઇ.પી.કો. કલમ-૪૫૪,૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના કામનો <u>વોન્ટેડ આરોપી ફૈજાન ઉર્ફે પતલી સ/ઓ ઇસ્તીયાક કુરેશી રહે, મમદ્દ માસ્તરની ચાલી, નુર મહેલ હોટલની બાજુમાં, રખિયાલ, અમદાવાદ શહેર</u>નાને આજરોજ તા.૦૬/૦૨/૧૫ ના કલાક.૧૪/૦૦ વાગે C.R.P.C કલમ-૪૧ (૧) આઇ, મુજબ પકડી અટક કરી સરાહનીય કામગીરી કરેલ છે. તા-૦૬/૦૨/૨૦૧૮

### દાણીલીમડા પોલીસ સ્ટેશન

**મિલકત સબંધી ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા અધિક નાયબ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા વાહન/ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઈન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.આર.જી.ખાંટ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.જગદીશભાઈ ગણેશભાઈ તથા પો.કો.ઈન્દ્રજીતસિહ પરબતસિહ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી **ઈરફાન નાસીરખાન ઉર્ફે પાંચીયો સ/ઓ મેહબુબખાન અલીખાન પઠાણ ઉ.વ.૨૮ રહે.મ.નં.બી/૨૯ કલન્દરનગર વહાબ મસ્જિદની પાસે બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર** નાઓને એક નંબર વગરનુ હિરો કંપનીનુ સિલ્વર કલરનુ સ્પ્લેન્ડર પ્લસ મો.સા આશરે કિ,રુ,૪૦,૦૦૦/ ની મત્તાના મુદામાલ સાથે સી.આર.પી.સી કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી લઈ સદરીની પુછપરછ દરમ્યાન સદર ઉપરોક્ત મો.સા આજથી સાડા પાચેક મહીના પહેલા ક્રુષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ચુનારા વાસ ખાતેથી ચોરી કરી મેળવેલ હોવાની કબુલાત કરતા સદરી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી **<u>ક્રુષ્ણનગર પો.સ્ટે.ગુ.ર.નં.૨૫૫/૧૭ ઈપીકો કલમ-૩૭૯</u>** મુજબનો મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.